## @ગાંધીનગર

● રમઝાન માસ નિમિત્તે શહેરી ૪.૨૧ કલાકે પૂર્ણ થશે અને ઈફતાર સમય ૭.૩૧ કલાકનો રહેશે.

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા રાત્રે ૯.૪૫ કલાકે 'નો એકઝીટ' નાટક, સે-૧૭, ટાઉનહોલ ખાતે યોજાશે.

● બહુજન સમાજ પાર્ટી દ્વારા ભાવ વધારાને નિયંત્રણમાં લાવવા માટે વિરોધ પ્રદર્શન તથા રેલીનું આયોજન સવારે ૧૦.૩૦ કલાકે ઘ-૨ સર્કલથી સત્યાગ્રહ છાવણી સે-૬ સુધી યોજાશે.

● તાવરિયાજી ગૃપ દ્વારા સવારે ૮.૦૦ કલાકે સે-૧૨, બલરામ મંદિર ખાતે નિઃશુલ્ક યોગ શિબિર યોજાશે.

## અખિલ ગુજરાત વિકાસશીલ મહિલા સેવા સમાજની ૨૫મીએ વાર્ષિક સભા

ગાંધીનગર, તા.૨૩

અખિલ ગુજરાત વિકાસશીલ મહિલા સેવા સમાજના આજીવન સભાસદોની ૨૦૧૫-૧૬ની છઠ્ઠી વાર્ષિક સાધારણ સભા તા.૨૫મી જુનના શનિવારે સાંજે મહિલા ટ્રસ્ટનીઓફિસ પ્લોટ નં. ૧૭૫૭/૨, સે-૨-ડી, સ્વામિનારાયણ મંદિર પાસે યોજેલ છે. આજીવન સભાસદોને હાજર રહેવા જણાવેલ છે. વધુ માહિતી માટે ૨૩૨૪૦૭૪૦નો સંપર્ક સાધવા શ્રીમતી ગોમતીબેન કનુભાઈ પરમાર પ્રમુખશ્રીએ જણાવેલ છે.

## વિશ્વ યોગ દિવસની ઉજવણી

ગાંધીનગર, તા.૨૩

ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ સિકયુરીટી કોર્સ સોસાયટી દ્વારા આગામી તા. ૨૫મી જૂનના રોજ સવારે ૧૦.૦૦ કલાકે 'વિશ્વ યોગ' દિન સપ્તાહની ઉજવણી તથા કર્મચારી નિવૃત્તિના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં કર્મચારીઓ ભાગ લેશે.

## શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા.૨૩

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળામાં ધોરણ-૧ના બાળકોને ઢોલ તથા કળશ સાથે કેમ્પસમાં આવેલ પૂ. દાસકાકાની પ્રતિમાને ફૂલ-હાર ચઢાવી તેમના આર્શીવાદ સાથે આવકારવામાં આવ્યા હતા. ક્રિએટીવ ઝોનના ડાયરેકટર કિરણબેને ચોકલેટ આપી બાળકોનું સ્વાગત કર્યું હતું. તથા શાળાના આચાર્ય નીરૂબેને તિલક કરી આર્શીવચન આપી બાળકોને આવકાર્યા હતા. આ પ્રસંગે શાળા તરફથી બાળકોને લાડુની પ્રસાદી તથા નોટબુકનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

# ન્યુ ગાંધીનગરમાં ખડકાયા કચરાના ઢગ



ગાંધીનગર, તા.૨૩

ન્યુ ગાંધીનગરના પ્રતિક મોલ વિસ્તારની આસપાસમાં કચરાના ઢગ ખડકાયેલા જોવા મળે છે. ન્યુ ગાંધીનગરના કહેવાતા શિક્ષિત નાગરીકો પણ રોડ પર કચરો નાંખી જતા રહે છે. શહેરને સ્વચ્છ અને સુંદર બનાવાની જગ્યાએ ગંદુ અને ગોબરૂ બનાવી રહ્યા છે. ન્યુ ગાંધીનગરના બંન્ને સાઈડના સર્વિસ માર્ગ જાણે ડમ્પીગ સાઈટ બની ગયા હોય તેવું લાગી રહ્યું છે. કચરાના ઢગને પગલે આ વિસ્તારમાં મચ્છરોનો ઉપદ્રવ પણ વધવા પામ્યો છે. ચોમાસાની ઋતુમાં નાગરીકોના આરોગ્ય સામે પણ ખતરો મંડરાઈ રહ્યો છે. ત્યારે તંત્ર દ્વારા આ વિસ્તારમાંથી સત્વરે ગંદકી દુર થાય તેવું નાગરીકો ઈચ્છી રહ્યા છે.

ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સ્વસ્છ ભારત સ્વસ્થ ભારતનું કેમ્પેઈન ચલાવી રહ્યા છે. ગુજરાત સરકાર પણ સ્વચ્છતા પર વિશેષ ભાર મુકી રહી છે. શહેર, ગામ, ઓફીસ અને ઘર તમામ સ્થળો પર સફાઈ અભિયાન ચલાવીને પ્રજાજનોને જાગૃત કરવા પ્રયત્નો કરી રહી છે. ત્યારે સ્વચ્છતા ત્યાં પ્રભુતા સ્લોગન છે તે સૌ કોઈ જાણે છે પણ તેનો અમલ શહેરના નાગરીકો કરી રહ્યા નથી. ગાંધીનગર શહેરનો પણ રોકેટ ગતિએ વિકાસ થતા ન્યુ ગાંધીનગર નિર્માણ પામ્યું છે. ત્યારે ગાંધીનગર અમદાવાદ માર્ગ પર આવેલા પ્રતિક મોલની આસપાસના વિસ્તારમાં ગંદકીના ઢગ ખડકાયા છે. ન્યુ ગાંધીનગરના બંન્ને સર્વિસ માર્ગ પર કચરાના ઢગ ખડકાયા છે. માર્ગ પર પ્લાસ્ટીક તેમજ એંઠવાડ નાંખવામાં આવતા દુર્ગંધ પણ અતિશય આવે છે. આ વિસ્તારમાં શિક્ષિત નાગરીકો વસવાટ કરે છે છતા પણ આ પરિસ્થિતિ ઉદભવી છે તે પણ નવાઈની વાત છે. ગંદકીને પગલે ચોમાસાની ઋતુમાં મચ્છરોનો ત્રાસ વધતા દસ માળની ઈમારતમાં પણ નાગરીકો શાંતિથી સુઈ શકતા નથી. ત્યારે તંત્ર દ્વારા આ વિસ્તારમાંથી સત્વરે યોગ્ય સફાઈ થાય તેવું સ્થાનિક નાગરીકો ઈચ્છી રહ્યા છે. નગરનો સ્વચ્છ અને સુંદર બનાવવાની જવાબદારી પણ આપણી છે. જેમાં તંત્રને સાથ અને સહકાર આપી આપણે પણ ભાગીદાર બની કચરો ગમે ત્યાં ન નાંખીએ અને ગંદકી ન કરીએ તેવા સંકલ્પ લઈએ. જેથી કોઈનું નહી છતા સૌનું આ નગર સુંદર અને રળીયામણું બની રહે.

# યોગ દિવસની ઉજવણીમાં આર્ટ ઓફ લીવીંગના યોગ-પ્રશિક્ષકોનું અનેરું યોગદાન

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગરમાં વિશ્વ યોગ દિવસની ઉજવણી ભારે હર્ષોલ્લાસથી કરાઈ હતી. શ્રી શ્રી રવિશંકર પ્રેરિત આર્ટ ઓફ લીવીંગના ગાંધીનગર એકમ દ્વારા શહેરમાં અનેક સ્થળે યોગ-પ્રાણાયામ-ધ્યાનના કાર્યક્રમમાં યોગ શિક્ષકો દ્વારા માર્ગદર્શન કરવામાં આવ્યું હતું. જેમાં સે-૧૫માં આઈટીઆઈ, સે-૨૧માં માઉન્ટ કાર્મેલ સ્કૂલ, ખ-૦ સર્કલે શુકન વિલાસ સોસાયટી, ધોળેશ્વર મહાદેવ નજીક રીવરફ્રન્ટ આવાસ, ફોરેન્સિક સાયન્સ કોલેજ, હોટલ મેનેજમેન્ટ ઈન્સ્ટિટયુટ, આઈએસઆઈ, સે-૮ પ્રાથમિક શાળા વગેરેનો સમાવેશ થાય છે.

સે-૧૫માં આઈટીઆઈ ખાતે આર્ટ ઓફ લિવીંગના યોગાચાર્ય સ્મિતાબેન પટેલ તથા ગોપી પટેલ દ્વારા ૫૦થી વધુ નાગરિકોને યોગાસન અંગે નિદર્શન આપવામાં આવ્યું હતું. આ ટીમ દ્વારા સે-૨૮ ખાતે બ્રહ્માકુમારીઝના કેન્દ્રમાં ૬૦થી વધુ બ્રહ્માકુમારીઝની બહેનો તથા સાધકોને યોગ કરાવાયા હતા. ખ-૦ સર્કલ નજીક શુકલ વિલાસ સોસાયટી ખાતે યોગાચાર્ય બાવકુભાઈ વાળા દ્વારા નિસર્ગ સાયન્સ સેન્ટર અને હેપ્પી યુથ કલબના સંયુકત ઉપક્રમે આયોજિત યોગ દિવસની ઉજવણીના કાર્યક્રમમાં યોગ નિદર્શન કરવામાં આવ્યું હતું. અહીં ૪૦થી વધુ રહીશોએ યોગાસન કર્યા હતા. આ ટીમે સે-૭ની ચૌધરી કોલેજની ૩૦ વિદ્યાર્થીનીઓને પણ યોગની તાલમ આપી હતી. શુકન વિલાસ સોસાયટી ખાતેના કાર્યક્રમમાં



શોભનાબેન પટેલ, ભરતભાઈ પટેલ, રોમાબેન, મણિરાજભાઈ, મીનાબેન તથા શિવાંગ પટેલ સહિત અન્ય રહીશોનો સુંદર સહકાર પ્રાપ્ત થયો હતો.

આર્ટ ઓફ લિવીંગના યોગાચાર્ય મીનાબેન પરમાર દ્વારા ધોળેશ્વર મહાદેવ પાસેના રીવરફ્રન્ટ આવાસ ખાતે યોગ-પ્રાણાયામની તાલીમ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સળંગ ૭ દિવસ સુધી ૨૦ વસાહતીઓને તાલીમ અપાઈ હતી. જેમાં સુરેશભાઈ પરમાર, હેતલબેન, કરૂણાબેન વગેરેએ સેવાઓ આપી હતી. સે-૨૦માં માઉન્ટ કાર્મેલ સ્કૂલ ખાતે કુસુમબેન જોષીએ ૨૦૦ બાળકોને યોગાસન અંગે નિદર્શન આપ્યું હતું. આ ઉપરાંત તેમણે સે-૨૨ના જાહેર બગીચા ખાતે પણ ૩૦ વસાહતીઓને ૩૦ દિવસથી તાલીમ આપી હતી. જેમાં મયુરીબેન, સીમાબેન, ક્રિશ્નાબા વાઘેલા તથા અન્યોનો સહકાર પ્રાપ્ત થયો હતો. સુભાષભાઈ સોનીએ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ખાતે ૮૫ શિબિરાર્થીઓને યોગ કરાવ્યો હતો જેમાં એ.ડી. પટેલ, માધવી પટેલ તથા મીનાબેનનો સહયોગ પ્રાપ્ત થયો હતો. સુરેશભાઈ પરમારે હોટલ મેનેજમેન્ટ ઈન્સ્ટિટયુટ ખાતે ૬૦થી વધુ નાગરિકોને અને પુનિત વન ખાતે અધિકારીઓને ૭ દિવસની તાલીમ આપી હતી. જેમાં મયુરીબેન, હેતલબેન તથા સીમાબેને સેવાઓ આપી હતી. આઈએસઆર ખાતે મયુરીબેનના નિદર્શનમાં ૩૦થી વધુ નાગરિકોએ યોગ કર્યા હતા.

સે-૮ની પ્રાથમિક શાળા ખાતે ઈન્દ્રવદન પંડયા તથા દિવ્યાબેન પંડયા દ્વારા ૧૫૦ બાળકોને, અનિલભાઈ પટેલ દ્વારા કડી ખાતે ૮૦થી વધુ નાગરિકોને, મીતાબેન શાહ અને રીટાબેન દ્વારા પ્રાંતિજના મોયદની પ્રાથમિક શાળામાં ૨૦ બાળકોને અને કરૂણાબેન કુમાવત દ્વારા સ્વાગત રેઈન ફોરેસ્ટ-૨ ખાતે ૨૫ નાગરિકોને યોગની તાલીમ આપવામાં આવી હતી.

## પાંચ વર્ષ પહેલા સુરતથી ચોરેલા એકટીવા સાથે ઝડપાયો

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર એલસીબી પી.આઈ. આશુતોષ પરમારની સુચનાથી પીએસઆઈ વી.યુ. ગડરીયા તથા તેમની ટીમ ગાંધીનગર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે વાવોલ ફાટક પાસેથી એક શખ્સને એકટીવા સાથે શંકાસ્પદ હાલતમાં પકડી પુછપરછ કરવામાં આવી હતી. મુળ પાટણનો અને હાલ વાવોલ પ્રમુખનગર ખાતે રહેતા મિતેષ કાન્તિ પટેલે વર્ષ ૨૦૧૧માં સુરત ખાતે પોતાના મિત્ર વિપુલ શંકર પટેલ (રહે. વરાછા, સુરત) પાસેથી એકટીવા લીધું હોવાનું જણાવ્યું હતું. એકટીવાનો રેકર્ડ તપાસતા ત્યાંથી ચોરી થયેલું હોવાનું જાણવા મળતા મિતેષની ધરપકડ કરીને ગુનાની ઊંડી તપાસ શરુ કરવામાં આવી છે.



## સરકારી ખર્ચે રાણીપ બસ સ્ટેન્ડ દર્શન

ગાંધીનગર, તા.૨૩

ગુજરાત રાજય માર્ગ અને વાહન વ્યવહાર નિગમ દ્વારા અમદાવાદ-ગાંધીનગર-અમદાવાદની સાથે સાથે રાજય અને પરપ્રાંતની બસો પુરી પાડવામાં આવે છે. આવી બસ સેવામાં કેટલીક બસો વાયા ગાંધીનગર આવતી/જતી હોય છે જે કારણસર પાટનગરવાસીઓએ અન્ય શહેરમાં જવા હવે અમદાવાદ જવું પડતું નથી પરંતુ ગાંધીનગર તથા ઉત્તર ગુજરાત તરફ જતી આવતી બસોની નોંધણી કરાવવી પડે છે. એસ.ટી.તંત્રે કંઈક અંશે ડીઝલ-ગેસ ખર્ચ ભોગવવો પડે છે જયારે મુસાફરને ટિકિટના દરમાં વધારો કરેલ નથી પરિણામે નાણાંકીય બોજ પડતો નથી પરંતુ તેની સામે ૧૦થી ૧૫ મિનિટનો બગાડ થાય છે. આમ સરકારી ખર્ચે રાણીપ બસ સ્ટેન્ડના દર્શન થાય છે.

## મેડીકલ કોલેજની લાયબ્રેરીના પ્યુન લાપતા

ગાંધીનગર મેડીકલ કોલેજની લાયબ્રેરીમાં પ્યુન તરીકે ફરજ બજાવતા અને પેથાપુર ખાતે રહેતા ૪૫ વર્ષીય સોમાભાઈ મગનભાઈ પરમાર સવારે પોતાના દિકરાને કલ્પતરૂમાં ટીફીન આપવા ગયા હતા ત્યાર બાદ લાપતા થઈ જવા પામ્યા છે. ઓફીસ-ઘર અને મિત્ર વર્તુળના ઘરે તપાસ કરવા છતા કોઈ ભાળ ન મળતા દિકરા પ્રહલાદે સે-૨૧ પોલીસ મથકનો સંપર્ક સાધ્યો હતો. સે-૨૧ પોલીસ મથકમાં પિતાના ગુમ થવા અંગે જાણવા જોગ નોંધાવતા જમાદાર ઉદેસિંહે શોધખોળ શરૂ કરી છે.

# નહેરુ યુવા કેન્દ્રએ જિલ્લામાં ૫ હજારથી વધુ યુવાનોનું યોગ નિદર્શન કર્યું

**અનેક સ્થળે નહેરુ યુવા કેન્દ્ર દ્વારા યોગ નિદર્શન કરાયુ : યુથ હોસ્ટેલ ખાતે યોજાયેલ યુવા સંમેલનમાં રમતગમતના સાધનોનું વિતરણ કરાયું**

ગાંધીનગર, તા.૨૩

નહેરુ યુવા કેન્દ્ર દ્વારા તા. ૨૧મી જુન 'આંતર રાષ્ટ્રીય યોગ દિવસે' વિવિધ સ્થળે યોગ પ્રાણાયામ નિદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સે-૧૬માં યુથ હોસ્ટેલ ખાતે યુવા સંમેલન યોજવામાં આવ્યું હતું. જેમાં વિવિધ યુવક મંડળોને રમતગમતના સાધનોનું વિતરણ કરવા ઉપરાંત યોગ આધારિત ફિલ્મનું નિદર્શન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં યુવાનો ઉપસ્થિત રહ્યા હતા અને સમગ્ર જિલ્લામાં ૫ હજારથી વધુ યુવાનોએ યોગ નિદર્શનનો લાભ લીધો હતો.

ગાંધીનગરના સેન્ટ્રલ વિસ્ટા ખાતે યોજાયેલ યોગ દિવસની ઉજવણીમાં નહેરુ યુવા કેન્દ્રના યુવાનો પણ જોડાયા હતા. આ ઉપરાંત સે-૨૩માં અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજ ખાતે એનએનએસ યુનિટને યોગ નિદર્શન કરવામાં આવ્યું હતું. જેમાં ૭૦૦થી વધુ સ્વયં સેવકોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે સંસ્થાના યુથ કો ઓર્ડીનેટર રજનીકાંત સુથાર, ઉદય ભાણસિંહજી, કો ઓપરેટીવ સંસ્થાના ડાયરેકટર એસ.કે. તંગીરાણા, પ્રિન્સિપાલ ડૉ. પ્રજ્ઞાન ઓઝા, પ્રોગ્રામ ઓફિસર રણછોડ રથવી, યુવા કેન્દ્રના એકાઉન્ટ ઓફિસર બી.એમ. શાહ સહિત પ્રાધ્યાપકો જોડાયા હતા. કાર્યક્રમના અંતમાં શાંતિપાઠ પણ કરાયા હતા. આ ઉપરાંત સે-૨૪ ખાતે સ્વામી




વિવેકાનંદ સ્કૂલ ખાતે, કલોલ તાલુકાના આમજા ગામે તથા બાલવા ખાતે પણ યોગ નિદર્શન કરવામાં આવ્યું હતું. જેમાં ૧ હજારથી વધુ યુવાનોએ ભાગ લીધો હતો. આ આયોજન જિલ્લા પંચાયત સદસ્ય જયેશભાઈ ચૌધરી દ્વારા કરાયું હતું. આ સાથે દહેગામ તાલુકાના દેવકરણના મુવાડા ખાતે, ગાંધીનગરના નહેરુ યુવા કેન્દ્ર ખાતે તથા સ્થાનિક હાઈસ્કૂલ ખાતે યોગ નિદર્શન કરાયું હતું. માણસા તાલુકાના આજોલ, પુંધરા, અમરાપુર, વેડા વગેરે ખાતે પણ યોગ નિદર્શન કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. જેમાં ૭૦૦થી વધુ યુવાનોએ ભાગ લીધો હતો.

ગાંધીનગર તાલુકાના ખોરજ ખાતેના બ્રહ્માકુમારીઝ રાજયોગ સેન્ટર સાથે સંકલન કરી ૧ હજાર જેટલા વિદ્યાર્થીઓનું યોગ નિદર્શન કરવામાં આવ્યું હતું. અહીં વિદ્યાર્થીઓનું મોં મીઠું કરાવવામાં આવ્યું હતું. સે-૧૬માં યુથ હોસ્ટેલ ખાતે આયોજિત યુવા સંમેલનમાં મુખ્ય મહેમાન તરીકે ગુજરાત ફાયર પ્રિવેન્શન સર્વિસના નિયામક પંકજભાઈ, ઠાકોર કોળી વિકાસ નિગમના એમડી જશવંત ગાંધી, જિલ્લા પંચાયત સદસ્ય જયેશ ચૌધરી, નેશનલ યુથ એવોર્ડી સંજીવ મહેતા, એનએસએસના પ્રોગ્રામ ઓફિસર રણછોડ રથવી, એનઆઈસીએમના પ્રાધ્યાપિકા લિપ્સાબેન રાવલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે એનવાયકેના એકાઉન્ટન્ટ બી.એન. થારે આભારવિધિ કરી હતી.

## વાતવાતમાં

● ગાંધીનગરના માર્ગોની આસપાસ ચોમાસાને અનુલક્ષીને જંતુનાશક દવાઓનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે. વરસાદી પાણીના કારણે મેલેરિયા, ડેન્ગ્યુ જેવી બિમારીઓ ફેલાવતા મચ્છરોનો ઉપદ્રવ ના થાય તે માટે સાવચેતીના ભાગરૂપે પગલા લેવાઈ રહ્યા છે.

● સિવિલ હોસ્પિટલમાં એક સગર્ભા મહિલા ટોકન લઈ દવા લેવા માટે નંબર આવે તેની રાહ જોતી બેઠી હતી તે દરમિયાન તેને અચાનક ખેંચ આવતા ઢળી પડી હતી. જો કે તુરંત ડોકટર્સ અને નર્સીગ સ્ટાફે યોગ્ય સારવાર આપતા તે ફરી સ્વસ્થ થઈ જવા પામી હતી.

● સેકટર-૧૬માં એકસિસ બેંકના એટીએમ બુથમાં બે બે એસી મશીન લગાડાયેલા છે. જો કે આ બંને મશીન બંધ હોવાથી ગ્રાહકોને ટ્રાન્ઝેકશન દરમિયાન પરસેવે રેબઝેબ થવું પડી રહ્યું છે.

● ઘ-૪ થી ઘ-૫ના કોમર્શિયલ વિસ્તારમાં બીએસએનએલની લાઈનમાં ભંગાણ સર્જાવાથી બ્રોડ બેન્ડ ઈન્ટરનેટ બે દિવસથી બંધ છે. આ કારણે આ વિસ્તારમાં આવેલ તમામ બેંકોમાં તથા અન્ય એકમોમાં ભારે અગવડનો સામનો કરવો પડી રહ્યો છે.

● ગાંધીનગર જિલ્લામાં વધુ એક પીઆઈએ અમદાવાદથી બદલી મેળવી છે. પી.આઈ. જતીન પ્રજાપતિ તેમની ફરજ પર હાજર થયા છે અને હવે તેમને પોલીસ સ્ટેશનની ફાળવણી કરાશે.

● સે-૩માં આવેલ સ્કૂલ નજીકના માર્ગ પર એક સ્કૂલવાન સાથે એક વરિષ્ઠ સ્કૂટર ચાલક અથડાઈ પડયા હતા. જો કે આ અકસ્માતમાં કોઈને ઈજા નહોતી પહોંચી પરંતુ એકમેકને થયેલા નુકશાનની ભરપાઈ માટે અડધા કલાકથી વધુ લાંબી ચાલેલી રકઝકના કારણે સ્કૂલવાનમાં બેઠેલા બાળકો અકળાઈ ઉઠયા હતાં.

## ખોરજ કેનાલમાંથી યુવતીનો બિનવારસી મૃતદેહ મળ્યો

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર નજીક આવેલા ખોરજ ગામની સીમમાંથી પસાર થતી નર્મદા કેનાલમાંથી આજે એક યુવતીનો બિનવારસી મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી છે. આશરે ૨૦ વર્ષની યુવતીના શરીરે કાળા રંગની સલવાર, કલરફુલ ટોપ એમ પંજાબી ડ્રેસ પહેરેલો છે. અડાલજ પોલીસને ઘટનાની જાણ થતા જમાદાર ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને મૃતદેહ બહાર કઢાવી પોસ્ટમોર્ટમ માટે મોકલી ઓળખ માટે તજવીજ શરૂ કરી છે. જો કે તેની ઓળખ થાય તેવા કોઈ પુરાવા મળી આવ્યા નથી. પોલીસના કહેવા મુજબ પહેરવેશ પરથી સારા ઘરની આ યુવતી હોવાની શકયતા છે. પોલીસે તે દિશામાં તપાસ શરુ કરી છે.

# બીબીએ કોલેજ દ્વારા આંત્રપેન્યોર બનવા માટે યોજાયેલ વર્કશોપ

ગાંધીનગર, તા.૨૩

શહેરની બી.પી.કોલેજ ઓફ બીઝનસ એડમીનીસ્ટ્રેશન (બીબીએ) દ્વારા નવા શૈક્ષણિક વર્ષની શરૂઆતની સાથે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે વર્કશોપની સીરીઝની શરૂઆત કરી દેવામાં આવી છે. જેના ભાગરૂપે આજે દ્વિતિય વર્કશોપ યોજાયો હતો. જેમાં સંગીનીતા ગૃપ ઓફ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન દિનેશસિંહ ચાવડા કે જેઓએ ફોરેસ્ટ અધિકારી તરીકે પણ સેવાઓ આપેલી છે તેમણે વિદ્યાર્થીઓને સફળ ઉદ્યોગ સાહસિક બનવા માટે ખુબ સુંદર માર્ગદર્શન આપ્યું હતું. અને મૂળભૂત સૂચનો કર્યા હતા. તેમણે મેનેજમેન્ટ ક્ષેત્રના વિદ્યાર્થીઓને જણાવ્યું હતું કે સફળ વ્યવસાયી બનવા માટે સૌપ્રથમ પરિવાર સાથેના






સંબંધો તેમજ તેનું યોગ્ય મેનેજમેન્ટ અતિ આવશ્યક છે. ત્યારબાદ વ્યવસાયિક અર્થે નવા સંબંધો વિકસાવવા તેમજ તેને જાળવવા જરૂરી છે જેથી તમારા વ્યવસાયનો પાયો મજબુત બની શકે. કોઈ પણ વ્યવસાય સંબંધોની મજબૂતીથી જ સફળતા સુધી પહોંચી શકે. તેમણે જણાવ્યું કે આજના સ્પર્ધાત્મક સમયમાં તમારી પ્રોડકટ કે સેવામાં નવીનતા નહિ જોવા મળે તો તમે ગ્રાહકોને આકર્ષી શકવામાં સફળ નહિ થઈ શકો.

સફળ ઉદ્યોગ સાહસિક બનવા માટે આપનું સ્વાસ્થ્ય જો સારું હશે તો આપ ખંતપૂર્વક આપના કાર્યોને ન્યાય આપી શકશો. એક સફળ ઉદ્યોગ સાહસિકને ભંડોળ કયાંથી મેળવવું તે બાબતે બેંકની વિવિધ યોજનાઓ, ગુજરાત સરકાર તેમજ ભારત સરકારની વિવિધ યોજનાઓ તેમજ સ્ટાર્ટઅપ ઈન્ડિયા મેક ઈન ઈન્ડિયા જેવી જાણીતી યોજનાઓ વિષે માહિતી મેળવી યુવા ઉદ્યોગ સાહસિક તરીકે તેનો લાભ મેળવવો જોઈએ.

સમગ્ર વર્કશોપ કોલેજના આચાર્ય ડૉ. રમાકાંત પૃષ્ટિના માર્ગદર્શન હેઠળ, ટ્રેનીંગ તેમજ પ્લેસમેન્ટ કમિટીના હેડ ડૉ. જયેશ તન્ના તેમજ પ્રો. પ્રજ્ઞેશ નવલખા સહીત સમગ્ર ટીમ દ્વારા સફળ બનાવવામાં આવ્યો હતો.

## શીખ સમાજનું ગૌરવ



ગુજરાત યુનિવર્સિટી દ્વારા ગત એપ્રિલ ૨૦૧૬માં બી.કોમ. સેમેસ્ટર-૪ની પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં સીમરન ભૂપેન્દ્રસિંહ શીખે સેમેસ્ટર-૪ની પરીક્ષામાં ૭૯.૮૧ ગુણ પ્રાપ્ત કર્યા છે તેમજ ગુજરાત યુનિવર્સિટીમાં ૮મો ક્રમ પ્રાપ્ત કરી ઝળહળતી સિધ્ધિ પ્રાપ્ત કરી છે. સીમરન શીખે સમાજનું તથા પરિવારનું ગૌરવ વધાર્યુ છે. જે બદલ શીખ સમાજે સીમરનને આર્શીવચન સાથે અભિનંદન પણ પાઠવ્યા છે.

## ચિરવિદાય

- સ્વ. પટેલ અમરતભાઈ શિવાભાઈ, ઉ.વ.૬૫
- સ્વ. ચૌહાણ નંદલાલ જેસીંગભાઈ, ઉ.વ.૭૮
- સ્વ. ઠાકોર રઈબેન ગોવાજી, ઉ.વ.૭૫
- સ્વ. પટેલ હસુમતીબેન મરઘાભાઈ, ઉ.વ.૬૩
- સ્વ. ભટ્ટ હિતેન્દ્રભાઈ કાન્તિલાલ, ઉ.વ.૮૩